સેક્ટર-૩-સી ના માર્ગનું લેવલીંગ યોગ્ય ન હોવાથી થોડાક વરસાદમાં જ અહીં પાણી ભરાઈ જાય છે. આ માર્ગનું લેવલ ઉંચુ લાવવા અનેકવાર વસાહતીઓએ રજૂઆત કરી હોવા છતાં તેનુ રીપેરીંગ ન થતાં અહીં વરસાદી પાણીના ખાડા ભરાઈ રહે છે. જ્યારે બીજી તસવીર ગાંધીનગરને સ્માર્ટસીટી બનાવવાની દોડ ચાલી રહી છે, પરંતુ શહેરની જુની સમસ્યાઓ ઉકેલાતી નથી. માર્ગો પર વરસાદી પાણી ભરાવવાની જુની સમસ્યા હજુ યથાવત છે. સેક્ટર-૭-ડી માં રોડનું લેવલીંગ યોગ્ય રીતે નહી હોવાથી માર્ગ વચ્ચે જ પાણી ભરાયા છે. જ્યારે ત્રીજી તસવીરમાં ગાંધીનગર શહેરમાં અવારનવાર વરસાદી ઝાપટા પડી રહ્યા છે. વરસાદી ઝાપટા પડતાં શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. સરગાસણ બ્રીજ નીચે પાણી ભરાતાં કાદવકીચડ તેમજ ગંદકી ફેલાઈ રહી છે. મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે.

સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુકસાનમાં અસરગ્રસ્તોને અપાતી સહાયમાં જંગી વધારો

ગાંધીનગર, તા. ૨૨

સૌરાષ્ટ્રમાં તાજેતરમાં જ જામનગર રાજકોટ જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદે સર્જેલી અતિવૃષ્ટિને કારણે આ વિસ્તારમાં ઘરવખરી ઝુપડા કાચા મકાન પાકા મકાનોને થયેલા નુકશાનમાં અસરગ્રસ્તોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારે સાયના ધોરણમાં જંગી વધારો કરવાનો નિર્ણય લઈને સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવક્તા અને રાજ્યના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ જામનગર અને રાજકોટ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે લોકોના ઘરોને ઘરવખરી ને ઝુપડા કાચા પાકા મકાનોને ભારે નુકસાન થયું હતું. આથી અસરગ્રસ્ત લોકોને બેઠક કરવા અને જીવન ધોરણ ઉંચુ આવે તે માટે રાજ્ય સરકારના સહાયના ધોરણ મુજબ આપવામાં આવતી ઘરવખરી સહાય ઝુપડા નુકસાનીની સહાયના ધોરણોમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સહાયના ધોરણમાં કરાયેલા વધારા અંગેની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે ઘરવખરી સહાય રૂ ૩૮૦૦ આપવામાં આવતી હતી તેમાં વધારો કરીને રૂ ૭૦૦૦ કરવામાં આવી છે. જ્યારે ઝુપડાને થયેલા નુકસાન પેટે રૂ ૪૧૦૦ સહાય આપવાનું છે ધોરણ હતું તેમાં સુધારો કરીને હવે રૂ ૧૦,૦૦૦ ની સહાય આપવામાં આવશે.

આ ઉપરાંત પાકા મકાનોને થયેલા અંશત નુકસાન પેટે રૂ ૫૨૦૦ સહાય આપવાનું ધોરણ હતું તેમાં વધારો કરીને હવે રૂ ૧૫,૦૦૦ની સહાય આપવામાં આવશે જ્યારે કાચા મકાનને થયેલા નુકસાનનીના કિસ્સામાં રૂ ૩૨૦૦ સહાય આપવામાં આવતી હતી તેમાં જંગી વધારો કરીને હવે રૂ ૧૦,૦૦૦ ની સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

અતિવૃષ્ટિમાં પશુપાલકો અને માલધારીઓના પશુઓ પણ મૃત્યુ પામ્યાના કિસ્સાઓ બન્યા છે. આવા કિસ્સાઓમાં દુધાળા પશુઓના મૃત્યુના કિસ્સામાં પશુ દીઠ રૂપિયા ૩૦૦૦૦ ની સહાયના ધોરણમાં વધારો કરીને હવે રૂપિયા ૫૦ હજારની સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જ્યારે ઘેટા બકરાના મૃત્યુના કિસ્સામાં સહાયનું ધોરણ રૂપિયા ૩૦૦૦ હતું તેમાં વધારો કરીને પશુ દીઠ રૂપિયા ૫૦૦૦ સહાય આપવામાં આવશે.

નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવી હતી. મહિલા આઈ.ટી.આઈ. કોલેજ સે-૧૫ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં નાગરિક સંરક્ષણ કચેરી તરફથી પી.ડી. શ્રીમાળી, હર્ષ પી. ત્રિવેદી, મહેશભાઈ બી. દરજી, અંજનાબેન નિમાવત, મહાવીર સી. નિમાવત, ગજેન્દ્રસિંહ બારોડ, વિજય સોલંકી ઉપરાંત કોલેજના પ્રિન્સીપાલ હિમાંશુભાઈ ચૌધરી તથા અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

ઈટાદરા-પરબતાપુરામાં વીજળી પડી : ત્રણ પશુના મોત

જિલ્લામાં ગઈ રાત્રે માણસામાં ૫૭ મી.મી., કલોલમાં ૪૫ મી.મી., ગાંધીનગરમાં ૨૦ મી.મી. અને દહેગામમાં ૮ મી.મી. વરસાદ થયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં માણસા તાલુકામાં કાલે બે જગ્યા પર વિજળી પડી હતી. જેમાં ત્રણ પશુઓના મોત થયાના અહેવાલો મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના ઈટાદરા ગામે અને પરબતપુરામાં રાત્રે ભારે વરસાદને પગલે વીજળી પડી હતી. પરબતપુરા ગામે ત્રણ પશુઓના મૃત્યુ થયાના અહેવાલો છે. જ્યારે ઈટાદરા ગામે મંદિર પર વીજળી પડી હતી જેથી મંદિરના ધજાદંડને થોડીક અસર થઈ હતી પરંતુ કોઈ જાનહાનિ થયેલ નથી.

ગાંધીનગર જિલ્લામાં ગઈ રાત્રે હળવાથી મધ્યમ ભારે વરસાદ થયો હતો. મધરાતથી શરૂ થયેલા વરસાદ વહેલી સવાર સુધી ચાલુ રહ્યો હતો. માણસા તાલુકામાં ૫૭ મી.મી. તો કલોલમાં ૪૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. ગાંધીનગરમાં ૨૦ મી.મી. અને દહેગામમાં ૮ મી.મી. વરસાદ આજે સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો હતો.

ગાંધીનગરના દહેગામ તાલુકામાં આજે સાંજે વરસાદ નોંધાયો હતો. જો કે આજે દિવસ દરમ્યાન નીકળેલા વરાપને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં ચોમાસાની આ સિઝનનો આજ સવાર સુધીમાં સરેરાશ ૪૯૪ મી.મી. વરસાદ નોંધાયો છે જે સિઝનનો સરેરાશ ૬૪.૪૭ ટકા જેટલો થવા જાય છે.

જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં આજે સવારના ૬ વાગ્યા સુધીમાં ૩૬૭ મી.મી., દહેગામમાં ૪૨૭ મી.મી., કલોલમાં ૬૩૪ મી.મી. અને માણસામાં ૫૪૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં રાત્રી દરમ્યાન થયેલા વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

સૈયદ સાદાત કોમ્યુનિટી ઓફ ગાંધીનગરનો મિલન સમારોહ યોજાયો

સૈયદ સાદાત કોમ્યુનિટી ઓફ ગાંધીનગરનો રવિવારે પારિવારીક મિલન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથી મુખ્તાર અહેમદ સૈયદ (નિવૃત્ત નાયબ કલેક્ટર) દ્વારા યુવાનોને યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. સહિત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અને કારકિર્દીલક્ષી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. યુનુસ સલીમ સૈયદ દ્વારા યુવાનો માટે વિદેશ અભ્યાસમાં રહેલી ઉજ્જવળ તકો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ સાથે જ સમાજના ધોરણ-૧૦ અને ૧૨ તેમજ સ્નાતક સ્તરે ઉત્તિર્ણ થનારા વિદ્યાર્થીઓનું ટ્રોફી આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગરમાં રહેતા તમામ સૈયદ પરિવારોએ હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સ્કોર્પિયોમાંથી ૬૮૩ નંગ દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

સાંતેજ પોલીસને બાતમી મળી હતી, જેને પગલે જાસપુર પાસેથી જીજે-૧૮-એએમ-૬૫૧૨ નંબરની સ્કોર્પિયો કારમાંથી ૨૮ પેટી ૬૮૩ નંગ દારૂ-બિયરની બોટલોનો જથ્થો પોલીસે પકડી પાડી કુલ રૂ. ૪.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે કારચાલક કાર મુકીને રાત્રીના અંધારામાં નાસી જવામાં સફળ નીવડ્યો હતો.

આજે કલેક્ટરના અધ્યક્ષપદે મનપાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષોની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓને લઈ જિલ્લા કલેક્ટરે આજે રાજકીય પક્ષો સાથે એક બેઠક યોજી છે.

બપોરે મળનારી આ બેઠકમાં ચૂંટણી માટે તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓ તેમજ મતદારયાદી, પોલીંગ સ્ટેશન, સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો તેમજ અન્ય મુદ્દાઓ અંગે ચર્ચાઓ થશે.

રાજકીય પક્ષોને આ બેઠકમાં હાજર રહેવા માટેની સૂચનાઓ પણ તંત્ર દ્વારા આપી દેવામાં આવી છે. આ બેઠકમાં માન્ય રાજકીય પક્ષોના આગેવાનોને જ નિમંત્રણ અપાયા હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ તંત્ર દ્વારા પણ ચૂંટણીની તૈયારીઓ વેગીલી બનાવી દેવામાં આવી છે. પોસ્ટલ બેલેટ રવાના કરવાની કામગીરી ઉપરાંત કાઉન્ટીંગ હોલ તેમજ ડિસ્પેચીંગ સેન્ટરને પણ તૈયાર કરવા ઉપરાંત ચૂંટણીની તાલિમ તેમજ મતદાન મથકો પર લઈ જવાની સામગ્રીની કીટો વિગેરે તૈયાર કરવાની કામગીરી આરંભી દેવામાં આવી છે.

ગઈકાલે રાજ્ય ચૂંટણી પંચે તંત્ર દ્વારા તૈયારીઓ જે ચાલી રહી છે તેની સમીક્ષા માટે ખાસ વિડીયો કોન્ફરન્સ પણ યોજી હતી. તંત્ર દ્વારા સોમવારથી જનજાગૃતિ અભિયાન પણ વેગીલુ બનાવવા માટેનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

વનતંત્રના ૧૦૦ મજુરોને છેલ્લા બે મહીનાથી પગાર ચુકવાયો નથી

વનતંત્ર પાસે વાહનોમાં ડિઝલ પુરવાના પણ કાવડિયા નથી : શહેરમાં વરસાદી દિવસામાં ફરિયાદો વધી પરંતુ મજુરો પાસે કામ લેવાનુ અઘરુ

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો તેમજ રીંગ રોડ આસપાસ પણ હરિયાળી પથરાયેલી છે. રહેણાંક વિસ્તારમાં પણ વૃક્ષોનુ પ્રમાણ વધુ છે. જયારે વરસાદી દિવસોમાં વૃક્ષોના ટ્રીમીંગ સહીત જોખમી વૃક્ષોની કટોતી કરવાનુ કામ પણ અટવાયુ છે. વનતંત્રના ૧૦૦ મજુરોને છેલ્લા બે મહીનાથી પગાર ચુકવાયો નથી. વનતંત્ર પાસે તંત્રના વાહનમાં ડિઝલ પુરવાના પણ કાવડિયા નથી.

શહેરના વનતંત્રમાં કામ કરતા મજુરોને છેલ્લા બે મહીનાથી પગાર ચુકવાયા નથી જેના લીધે વરસાદી દિવસોમાં આમ નાગરિકોની ફરિયાદોનુ નિવારણ કરવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ તોતિંગ વૃક્ષોની ડાળીઓ સાથે જોખમી વૃક્ષોની સંખ્યા પણ શહેરમાં વિશેષ છે. આ ઉપરાંત વન આરક્ષિત વિસ્તારમાં સફાઈના અભાવે બિનજરૂરી ઘાસ અને વનસ્પિતનો ઢગ ખડકાયો છે. જેના લીધે જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધતો હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. ત્યારે બીજીતરફ સેકટરોમાં પણ વૃક્ષોના ટ્રીમીંગના અભાવે રહીશો માટે અનેક સમસ્યાઓ ઉભી થઈ છે. હરિયાળા નગરમાં રહેણાંક વિસ્તારમાં પણ અનેક વૃક્ષો છે. સેકટરોના મુખ્યમાર્ગો સહીત રીંગ રોડ અને આંતરિક માર્ગો આસપાસ પણ વૃક્ષોની વનરાજી જોવા મળે છે. ત્યારે હરિયાળીનુ જતન અને જાળવણી માટે પણ મેન પાવરની અનિવાર્યતા વિશેષ રહે છે. પરંતુ વનતંત્ર પાસે હાલ મજુરોને ચુકવવા માટે પણ કાવડિયા નથી ગ્રાન્ટના અભાવે મજુરોના પગાર પણ ચુકવાયા નથી છેલા બે મહીનાથી મજુરોને પગાર ચુકવાયા નથી. શહેરના સેકટરોમાં કામ કરતા ૧૦૦ જેટલા મજુરોને પૈસા ચુકવાયા નથી. આ ઉપરાંત વનતંત્ર હસ્તકના વાહનોમાં ડિઝલ પુરવાના પણ ફાંફા આવી ગયા છે. આ સ્થિતિ વચ્ચે વનતંત્ર માટે કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ સેકટરવાસીઓ રોજબરાજે વનતંત્ર સમક્ષ ફરિયાદો રજુ કરે છે. સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ સહીત વન આરક્ષિત વિસ્તારમાં સફાઈની કામગીરી કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

રાંધેજાથી બાલવા રોડ ઉપર ચોમાસાની શરૂઆત થતા જ માર્ગો પર ખડા પડી ગયા હતા અને રોડ ધોવાઈ ગયા હતા. જેથી રોડ રીપેરીંગ કામગીરી ચાલુ કરવામાં આવી હતી.

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટના સ્વિમર્સનો રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ

ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના ખેલાડીઓએ ૯ મેડલ્સ જીત્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના યુવા સ્વિમર્સ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની ટૂર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લાના ૧૪ તરવૈયાંઓએ ભાગ લીધો હતો અને આ ખેલાડીઓએ જીતેલા ૯ મેડલ્સમાં ૧ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ્સનો સમાવેશ થાય છે.

જુનીયર અને સબ જુનીયર ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશીપ-૨૦૨૧માં તા. ૧૮ અને ૧૯ દરમ્યાન સેવી સ્વરાજ સ્પોર્ટસ ક્લબ ખાતે ઉત્કૃષ્ટ દેખાવ કરતાં કુલ ૯ મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લાના ૧૪ તરવૈયાંઓએ ભાગ લીધો હતો અને આ ખેલાડીઓએ જીતેલા ૯ મેડલ્સમાં ૧ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ્સનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશનની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશીપ-૨૦૨૧માં શહેરની ખેલાડી રીધીમાએ ૪૦૦ મીટર વ્યક્તિગત મિડલેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે જ્યારે શ્રેયસ યાદવે ૨૦૦ મીટર બેક સ્ટ્રોકમાં બ્રોન્ઝ, આરવ પટેલે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ, ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ અને ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં સિલ્વર સહિત ત્રણ મેડલ્સ અને વિવા શાહે ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં સિલ્વર, ૧૦૦ મીટર બેક સ્ટ્રોકમાં સિલ્વર, ૫૦ મીટર બટરફ્લાયમાં સિલ્વર તેમજ ૧૦૦ મીટર બેકસ્ટ્રોકમાં બ્રોન્ઝ સાથે કુલ ચાર મેડલ્સ જીત્યા છે.

લાગણીનો મેળો

- **અનુસંધાન ચોથાનું ચાલુ...**

નવી પેઢીને નવા વિચારની ભેટ આપી સંવેદનશીલ બનાવીએ... પર્વોનું આયોજન એવું કરીએ કે જેથી બીજાઓને પણ હોંશહોંશે અનુસરવાની લાલચ જાગે... આવા પર્વો જ સાચા અર્થમાં જીવતા તહેવારો કહેવાય !!

સ્પર્શમણિ :

મિટ્ટી કા ગણેશ, મિટ્ટી કા સંસાર, મિટ્ટી મેં મિટ્ટી મિલે, યહ જીવતત્ત્વ કા સાર.

●●●

લક્ષ્ય હંમેશા નિર્માણનું હોવું જાઈએ, બાકી કામ તો ઉધઈ પણ રાતદિવસ કરે છે પરંતુ વિકાસ નહીં વિનાશ કરે છે.

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

સિવિલના ઈ.એન.ટી. વિભાગના ડૉકટર્સ દ્વારા બે વર્ષના બાળક પર સફળ શસ્ત્રક્રિયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે ૨ વર્ષના બાળક પર સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. બાળકને ગળાની કેરોટેડ નસની આસપાસ સોજો આવતા બાળકને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડતી હતી. ગળાની મુખ્ય નસની આસપાસ સોજાનું આવરણ ખુબ જ જટીલ હોવાને કારણે ખાનગી હોસ્પિટલોએ પણ ઓપરેશનની ના પાડી દીધી હતી ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિલના ઈએનટી વિભાગના ડૉ. નિરશ સુરી અને તેમની ટીમ દ્વારા અતિ સંવેદનશીલ ઓપરેશન બે કલાકની ભારે જહેમત બાદ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

મળતી વિગત મુજબ અમદાવાદના ઓઢવમાં રહેતા સોલંકી પરિવારના બે વર્ષીય બાળકના ગળામાં જન્મથી તકલીફ હતી. બાળકના ગળાની મુખ્ય નસની આસપાસ સોજો આવી જતા નસ દબાતી હતી. જેને પગલે બે વર્ષના બાળકને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડતી હતી. બાળકના પરિવારજનોએ બાળકની બિમારીને પગલે અમદાવાદના તમામ ખાનગી હોસ્પિટલમાં પણ તેનું નિદાન કરાવ્યું હતું. ગળાની મુખ્ય નસની આસપાસ સોજાનું આવરણ ખુબ જ જટીલ હોવાથી આ ઓપરેશન કરવાની તમામ હોસ્પિટલોએ ચોખ્ખી ના પાડી હતી ત્યારે બાળકને લઈ પરિવારજનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવ્યા હતા. જયાં નિદાન કરી જરૂરી ટેસ્ટ બાદ સિવિલના ઈ.એન.ટી. ડૉકટર્સ દ્વારા આ જટીલ ઓપરેશન કરવાનું નક્કી કરાયું હતું.

ગળાની મુખ્ય નસની આસપાસ સોજો આવતા શ્વાસ લેવામાં બાળકને તકલીફ પડતી હતી

બે કલાક સુધી ચાલેલા આ જટીલ ઓપરેશનમાં ગળાની મુખ્ય નસની આસપાસથી આઠથી નવ સેમી જેટલો તે ભાગ દુર કરાયો હતો. ઓપરશન અંગે વિગત આપતા ઈ.એન.ટી. વિભાગના નિષ્ણાંત ડૉ. નિરજ સુરીએ જણાવ્યું હતું કે જન્મ વખતે ખોડ રહી જવાના કારણે આ બાળકના ગળામાં સોજા રહેતા હતા. બે કલાક ચાલેલા ઓપરેશનમાં સહેજ પણ ચુક થઈ હોત તો બાળકને ખુબ જ ગંભીર અસર થાત. આ ઓપરેશનમાં ઈ.એન.ટી. વિભાગના ડૉ. ચેતન અને ડૉ. દિવા અને એનેસ્થેટીક તરીકે ડૉ. શોભના ગુપ્તાની ટીમના ડૉ. ભારતી અને ડૉ. શીતલ સહિત ઓપરેશન થિયેટરના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.